સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું મુખપત્ર

# પટેલ સુવાસ

Year : 40 ❖ Issue : 6 ❖ Annual Subscription : ₹.300/- Total Pages : 52 ❖ September-2017




## ડોકલામ વિવાદ અને
# ૭૧ દિવસ પછી ભારતનો વિજય

એવું તે શું બન્યુ કે ચીન આજે પણ એક ભારતીયના પગમાં પડે છે?

**કવર સ્ટોરી**

વિમિષ પુષ્પધન્વા

## ડોકલામ વિવાદ અને ૭૧ દિવસ પછી ભારતનો વિજય

ચીને ભારતને ઉશ્કેરવા માટે બધા દાવ અજમાવી જોયા, પરંતુ કોઈમાં સફળતા ન મળી. દરમિયાન ભારતના ધિરજપૂર્વકના પગલાથી ચીનને નુકસાન થવાની શરૂઆત થઈ ગઈ હતી. માટે ચીને નછૂટકે ડોકલામ મુદ્દે તંગ કરેલું દોરડું ઢીલું કરવું પડ્યું..

૨૨




| | | | |
|---|---|---|---|
| **તંત્રી સ્થાનેથી...** | ભારતની ધીરજ સામે ચીનની ચતુરાઈ નાકામ બની રહી... | | ૦૭ |
| **સંસ્થા સમાચાર** | ‘બેટી બચાઓ-બેટી પઢાઓ’ તરફ પહેલ | | ૦૮ |
| **ધ હીરો** | શીખો અને આગળ વધો | દિવ્યેશ વેકરિયા | ૦૯ |
| **સમાજરત્ન** | સામાજિક સેવાની ‘વસંત’ ખીલવતા મોવલિયા | દિવ્યેશ વેકરિયા | ૧૪ |
| **ટેક ઓફ** | શ્વાસની લીલા સમેટાય તો મૃત્યુ ન કહો | શિશિર રામાવત | ૧૬ |
| **થર્ડ વર્લ્ડ** | શા માટે ભારત ‘થર્ડ વર્લ્ડ કન્ટ્રી’ ગણાય છે? | પર્વ રાઘવેન્દ્ર | ૧૯ |
| **કવરસ્ટોરી** | ડોકલામ વિવાદ અને ૭૧ દિવસ પછી ભારતનો વિજય | વિમિષ પુષ્પધન્વા | ૨૨ |
| **લગ્ન વિષયક** | | | ૨૮ |
| **માનવતા** | એવું તે શું બન્યુ કે ચીન આજે પણ એક ભારતીયના પગમાં પડે છે? | દિવ્યેશ વેકરિયા | ૩૧ |
| **વાસ્તવિકતા** | વિવાદનું કારણ બનતાં ‘વંદે માતરમ’ની વાસ્તવકથા | યોગેશ પટેલ | ૩૫ |
| **માપદંડ** | સંખ્યાબંધ ડિગ્રી મેળવનારા દેશ-વિદેશના ‘સુપર સ્ટૂડન્ટ્સ’ | | ૪૦ |
| **કરિયર** | સ્પોર્ટ્સ મેનેજમેન્ટઃ મેદાન બહારનું ટીમ વર્ક | | ૪૩ |
| **સ્કોલરશિપ** | ગેટ્સ કેમ્બ્રિજ સ્કોલરશિપ | | ૪૪ |
| | પ્રાઈમ મિનિસ્ટર્સ ફેલોશિપ સ્કીમ ફોર ડોક્ટરલ રીસર્ચ | | ૪૫ |



**સંપાદક મંડળ**
શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા
શ્રી હિંમતભાઈ બી. કસવાળા
શ્રી પરસોત્તમભાઈ બી. કકાણી
શ્રી પ્રાગજીભાઈ પી. ગામી

**સલાહકાર સમિતિ**
શ્રી વલ્લભભાઈ કાકડિયા
શ્રી ધરમશીભાઈ મોરડિયા
શ્રી રવજીભાઈ વસાણી
શ્રી ગુણવંતભાઈ સોજીત્રા
શ્રી બાબુભાઈ શેલડીયા
શ્રી પુરૂષોત્તમભાઈ ગેવરિયા

**પટેલ સુવાસ**

**તંત્રી**
શ્રી વિઠ્ઠલભાઈ હરિભાઈ ઘાડિયા
મો. ૯૦૯૯૯૨૬૩૮૩

**સહતંત્રી**
શ્રી દિવ્યેશ વેકરિયા
મો. ૯૮૭૯૧૧૯૨૦૪

લે-આઉટ ડિઝાઈન : યોગેશ પટેલ

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ - હોદ્દેદારશ્રીઓ**
પ્રમુખ : શ્રી દેવજીભાઈ સોજીત્રા
ઉપપ્રમુખ : શ્રી મનોજભાઈ ડોબરિયા
ઉપપ્રમુખ : શ્રી ભનુભાઈ મેશિયા
મંત્રી : શ્રી સંજય સાવલિયા
સહમંત્રી : શ્રી જગદીશભાઈ સાકરિયા
ખજાનચી : શ્રી મગનભાઈ પટેલ

Published by : Vithalbhai Haribhai Ghadia
on behalf of Shree Saurashtra Patel Kelavani Mandal,
Gulbai Tekra, Ellisbridge, Ahmedabad - 380 006. Gujarat.
Tel. No. 079 - 26307099, 8866032888 and
Printed by: Kewal Offset, F-11-38, Ravi Estate, Nr. Torrent
Power Subsation, Dudheshwar, Ahmedabad-4, Gujarat.
OWNER : SHREE SAURASHTRA PATEL KELAVANI MANDAL

# ‘પટેલ સુવાસ’ : લવાજમ બાબત

| લવાજમ દર | |
|---|---|
| વર્ષ | લવાજમ |
| ૧ | રૂ.૩૦૦/- |
| ૩ | રૂ. ૭૫૦/- |
| ૧૦ | રૂ. ૨૦૦૦/- |
| લગ્ન વિષયક : ૧ માસ માટે | રૂ. ૫૦૦/- |

| ધંધાકીય જાહેરાત | વાર્ષિક રૂા. |
|---|---|
| એ - કવર પેજ આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૮૦,૦૦૦/- |
| બી - અંદરનું આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૬૦,૦૦૦/- |
| સી - અડધું પાનુ મલ્ટીકલર | રૂ.૩૦,૦૦૦/- |

ધંધાકીય જાહેરાત માસિક / ત્રિમાસિક ધોરણે પણ સ્વિકારવામાં આવશે.

**લવાજમ સ્વિકારવાનું સ્થળ :**

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, ગુલાબાઇ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
- બાપુનગર : પટેલવાડી, ઘંટી સ્ટેન્ડ પાસે.
- મણીનગર : પટેલ સમાજની વાડી.

**આ અંકમાં રેપર ઉપર છપાયેલી તારીખ તમારૂ લવાજમ પુરૂ થવાનું સુચન કરે છે.**
**તો વહેલી તકે નવું લવાજમ ભરીને ‘પટેલ સુવાસ’ માસિક મેળવતાં રહો.**

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

વેબસાઈટ : www.sspkm.org
ફોન નંબર : (079) 26307099, 88660 32888
મોબાઈલ નંબર : 90999 26383, 96626 90502 (વોટ્સએપ માટે)

.......................................................................................................

મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) વેબસાઈટ : www.pateljeevansathi.org

‘પટેલ સુવાસ’માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર એક વર્ષ માટે ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે.
અન્ય માટે લીસ્ટીંગ ચાર્જ વાર્ષિક રૂ.૫૦૦ લેવામાં આવશે.

**આ વેબસાઈટ પરથી અનેક યુવક-યુવતિઓ (કપલ્સ) જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા છે. તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...**

**જે પાત્રો લગ્નજીવનથી જોડાઈ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

# ભારતની ધીરજ સામે ચીનની ચતુરાઈ નાકામ બની રહી...

ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિક્સ સંમેલનમાં ભાગ લેવા હાલમાં જ ચીન જઈ આવ્યા. આ સંમેલનમાં નરેન્દ્ર મોદી અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે કલાક સુધી દ્વિ-પક્ષીય બેઠક યોજાઈ હતી. સંમેલન દરમિયાન મોદીએ આતંકવાદનો મુદ્દો ચોક્કસ ઉઠાવ્યો હતો પરંતુ બેઠકમાં ડોકલામ વિવાદ મામલે કોઈ ચર્ચા થઈ નહોતી. જોકે આ સંમેલન પહેલાં જ ડોકલામ મામલે બંને દેશોનાં વલણ બદલાયા એ જ મહત્વની બાબત બની રહી હતી.

ભારત-ચીન સીમા પર ડોકલામ ક્ષેત્રમાં બંને દેશોએ પોતાના સૈન્યની ગતીવિધિઓ વધારવા મામલે વાતાવરણ પેચીદું અને તંગ બન્યુ હતુ. લગભગ અઢી માસના ઉચાટભર્યા વાતાવરણ પછી ચીને પોતાનું સૈન્ય પાછુ ખેંચતા આ મામલે રાહત થઈ હતી. આ સમયગાળો ભારતની અગ્નિપરીક્ષા સમાન હતો. કારણ કે ચીને ભારતને ઉશ્કેરવા તમામ પ્રયાસો કર્યા હતા, પરંતુ સરકારના ધીરજપૂર્વકના પગલાંથી ચીનની ચતુરાઈ કામ ન આવી અને ચીને આખરે પીછેહઠ કરવી પડી હતી.

રાષ્ટ્રની રક્ષા માટે અનેક પ્રકારના અગમચેતી રૂપ પગલાં ભરવા પડે છે. ભારત સરકારના ધીરજપૂર્વકનાં વલણથી છેક ઓગસ્ટના અંતિમ સપ્તાહે ડોકલામ મામલો ઉકેલાયો એ ભારત માટે ગૌરવની બાબત ચોક્કસ ગણી શકાય. ડોકલામ વિવાદને આ અંકમાં સવિસ્તાર રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.



ચીન-ભારતના સંબંધો ભલે તણાવગ્રસ્ત હોય, પરંતુ એક ભારતીયની પરોપકારી ચીન આજે પણ ભૂલ્યુ નથી. ચીન પર જાપાનના આક્રમણ વેળાએ ઘાયલોને મદદ કરીને હજ્જારોને નવજીવન બક્ષનાર ભારતીય ડોક્ટર કોટનિશને ચીન ક્યારેય ભુલી શકે તેમ નથી. ચીનનાં દરેક રાષ્ટ્રપતિ જે ભારતીયના સ્ટેચ્યુ આગળ નમન કરે છે એવા ડૉ.કોટનીશની જીવનગાથાથી સૌ પરિચીત થઈ શકે તે હેતુથી આ અંકમાં ડૉ. કોટનીશનું જીવનચરિત્ર રજૂ કરવાનો ઉમદા પ્રયાસ કર્યો છે. ડૉ. કોટનીશના જીવનપરથી પ્રેરણા લઈને આપણે સૌ પરોપકારની સાથે રાષ્ટ્ર ભાવના વધુ મજબુત બનાવીએ.

વંદે માતરમ ગાનનો વિવાદ ચાલી રહ્યો છે ત્યારે ૧૪૦ વર્ષ પહેલાં રચાયેલા આ ગીત સાથે જોડાયેલી કેટલીક હકીકતો પણ અહીં ઉજાગર કરવાનો સાર્થક પ્રયાસ કર્યો છે. આમ આ અંકના તમામ લેખોથી એક પ્રકારે રાષ્ટ્ર પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત થશે તેવી આશા સહ..

**જય હિન્દ**

# 'બેટી બચાઓ-બેટી પઢાઓ' તરફ પહેલ

૪ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ શ્રી સૌરાષ્ટ્ર પટેલ કન્યા છાત્રાલયના પ્રાંગણમાં 'બેટી બચાઓ-બેટી પઢાઓ'ની પહેલ કરતો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં 'બેટી બચાઓ-બેટી પઢાઓ' પ્રકલ્પના સદસ્યોએ તેમના વિચારો રજૂ કર્યા હતા. મંચસ્થ મહેમાન તરીકે પ્રકલ્પના કન્વીનર તેમજ ચાઈલ્ડ વેલફેર કમિટીના સદસ્ય શ્રી રજનીભાઈ બ્રહ્મભટ્ટ, ભાજપા રાષ્ટ્રીય મહિલા મોરચાના ઉપાધ્યક્ષ તથા પ્રકલ્પના પ્રદેશ સંયોજક શ્રીમતી કૌશલ્યા કુંવરબા, સહસંયોજક શ્રી શંભુભાઈ વાટલિયા ઉપરાંત અમદાવાદના પુર્વ મેયર તથા પ્રકલ્પના ઈન્ચાર્જ શ્રીમતી મીનાક્ષીબેન પટેલ અને પ્રકલ્પના પ્રદેશ સહકન્વીનર તથા ભાજપ પ્રદેશ યુવા સેલના સક્રિય કાર્યકર્તા શ્રી સુનિલભાઈ ભદોરિયા ઉપસ્થિત રહ્યા હતા.

મહાનુભાવોના સ્વાગત બાદ શ્રી રજનીભાઈ બ્રહ્મભટ્ટે દિકરીઓનું મહત્વ સમજાવીને તેમને પોતાના પગ પર સક્ષમ થવા પ્રોત્સાહન આપ્યુ હતું. શ્રીમતી મીનાક્ષીબેન પટેલે તેમની આગવી શૈલીમાં વકતવ્ય આપતા કહ્યું કે, સ્ત્રી વગર સમાજ ન ચાલે, દીકરી તો ચાર ઘર તારે. તેમણે દિકરીઓને પરિવારમાં અજાણતાં કોઈ ઘટના બને તો ધ્યાન દોરવા તથા ભવિષ્યમાં દેશના વિકાસ માટે જીવવા પ્રોત્સાહિત કર્યા હતા.

શ્રી શંભુભાઈ વાટલિયાએ કહ્યું કે, ઈતિહાસકાળથી જ સ્ત્રીઓએ સમાજ વિકાસમાં આગળ પડતો ભાગ ભજવ્યો છે. તેમણે કન્યા કેળવણીને લગતી વિવિધ યોજનાઓનો લાભ લેવા જણાવીને દરેક વિદ્યાર્થીનીઓને ભવિષ્યમાં ગર્ભપરીક્ષણ નહીં કરાવે તેવી પ્રતિજ્ઞા લેવડાવી હતી. શ્રીમતી કૌશલ્યા કુંવરબાએ કન્યા કેળવણીની વાત રજૂ કરીને પોતાનું જ ઉદાહરણ આપતા પોતે રૂઢિચુસ્ત રાજપૂત સમાજનો ભાગ હોવા છતાં પોતાના હાલના હોદ્દા સુધી પહોંચ્યાની સંઘર્ષયાત્રા વર્ણવી હતી. તેમણે દર્દનાક રીતે બાળકીને દુધ પીતી કરવાના રીવાજ અને ભૃણહત્યાની બદી અંગે વિસ્તૃત રજુઆત કરી હતી.

અંતમાં વિદ્યાર્થીનીઓએ મંચ પરથી પોતાના અભિપ્રાયો અને લાગણીઓ વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું સંચાલન સૃષ્ટિ માંડણીકા તેમજ છાત્રાલયના સંચાલન વિભાગના સ્નેહાબેન પટેલે આભાર વિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યુ હતું.

# કેરીયાચાડ ગામનો ૨૪મો વિદ્યાપુરસ્કાર યોજાયો

અમરેલી જિલ્લાના કેરિયાચાડ ગામનાં અમદાવાદ સ્થાયી થયેલા કુટુંબોનો વિદ્યાપુરસ્કાર સમારોહ છેલ્લા ૨૪ વર્ષથી યોજાય છે. જેનું આયોજન કેરીયાચાડ યુવક મંડળ દ્વારા કરાય છે. જોકે આ વર્ષે ૨૪માં વિદ્યાપુરસ્કારનું ૧૬ જૂલાઈ, ૨૦૧૭ના મહિલાઓ દ્વારા આયોજન કરાયું હતું. જેમાં બાળકોમાં રહેલી પ્રતિભાઓને વેગ આપવા અને તેમને પ્રોત્સાહિત કરવા ગીત-સંગીત, નૃત્ય, વકતૃત્વ સ્પર્ધા અને ડાન્સ-ગરબા જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

ગેમ-શો દ્વારા કાર્યક્રમમની શરૂઆત કરવામાં આવી હતી. બાદમાં ગત વર્ષના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. નવ વર્ષની એક બાળાએ પ્રાસંગિક પ્રવચન કરી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. તો અન્ય એક દીકરીએ દેશની સરહદે રક્ષા કરતાં સૈનિકો અંગે પણ પ્રેરક પ્રવચન આપ્યુ હતું. આ પ્રસંગે કેરીયાચાડ ગામરત્ન એવા જીજ્ઞેશદાદાને આમંત્રીત કરી જીવન કેવી રીતે જીવવું તે અંગે જરૂરી જ્ઞાન મેળવ્યુ હતું.

આ પ્રસંગે ધો.૧થી ધો.૧૨ સુધીના વિદ્યાર્થીઓને પુરસ્કાર તથા સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને એવોર્ડ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

આ કાર્યક્રમમાં કેરીયાચાડ ગામનાં દરેક વ્યક્તિઓએ પોતાનો કિંમતી સમય આપીને ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ગામની દરેક જ્ઞાતિના લોકોને ભેદભાવ વગર સંમેલનમાં સામેલ કરીને વિધવા સહાય અને શૈક્ષણિક તથા મેડિકલ સહાય પણ અપાય છે.

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ

**કુમાર અને કન્યા છાત્રાલય આયોજિત**

# ચતુર્થ રમતોત્સવ

**તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૧૭, રવિવાર**

## ચતુર્થ રમતોત્સવના સ્પોન્સરને અભિનંદન

ચતુર્થ રમતોત્સવને કાર્યશીલ કરવા, પ્રારંભિક બળ પુરૂ પાડવા તથા અમૂલ્ય યોગદાન આપવા બદલ સંસ્થા નીચેના મહાનુભાવોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

### મુખ્ય સ્પોન્સર

શ્રી હંસરાજભાઈ ગોંડલિયા (સુરત)

AALIDHRA

### ડ્રેસ સ્પોન્સર

શ્રી બાબુભાઈ ભગત
તથા ભગત પરિવાર (સુરત)

Bhagat™
delivering trust

### કો. સ્પોન્સર

શ્રી મનસુખભાઈ ભેસાણિયા

aster
NETWORKS

### કો. સ્પોન્સર

શ્રી ભનુભાઈ મેશિયા
શ્રી મયુરભાઈ મેશિયા

VISION INFRASTRUCTURE

### મેડલ સ્પોન્સર

હસ્તે શ્રી કિરણભાઈ રવજીભાઈ વસાણી

VASANI
GROUP

### કો. સ્પોન્સર

શ્રી દિનેશભાઈ બટુકભાઈ શ્યાણી

*with best wishes from...*

**અવધેશ રિયાલિટી**

**પાંચમાં રમતોત્સવ માટે સ્પોન્સર્સ આવકાર્ય છે.**

**ખાસ નોંધ : સમાજની તમામ સંસ્થાઓ અને ઘટકોએ ઉપરની તારીખ સાથે પોતાના આગામી કાર્યક્રમો મેચ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવા વિનંતી છે.**